# કુબુરે ખોલફા

## : ગુજરાતી અનુવાદ :

ઈબ્રાહીમ બી. પટેલ, ભરૂચ

: પ્રકાશક :

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ

એ-૭૦/૨, એહમદનગર, મનુબર રોડ,

ભરૂચ-૩૯૨૦૦૧.

મોબાઈલ : ૯૪૨૬૪૦૩૬૭૨

# એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સય્યદ અલી હુસૈની સીસ્તાની (દા.બ.), રેહબર આયતુલ્લાહ અલ ઉઝમા સૈયદ અલી ખામેનાઈ (દા.બ.)

તથા

આયતુલ્લાહ અલ ઉઝમા બશીર હુસૈન નજફી (દા.બ.) ત્રણેય બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

***ઈજાઝો સંસ્થાકીય અને કાયમી છે.***

# અવર બેંકર્સ

## નીચેની બેંકોમાંથી કોઇપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે.

(૧) હુસૈનઅહમદ ઈબ્રાહીમ પટેલ

AC : 25520100007654

IFSC : BARBOBRODAN

બેંક ઓફ બરોડા, શાખા મોહંમદપુરા, ભરૂચ.

(૨) શબ્બીરઅહમદ પટેલ

AC : 32598176055

IFSC : SBIN0003522

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, શાખા કતોપોર દરવાજા, ભરૂચ.

# અનુક્રમણીકા


| ક્રમ | વિગત | પેજનં. |
|---|---|---|
| (૧) | પ્રસ્તાવના (ઉર્દૂ લેખકની) | ૮ |
| (૨) | મારે કંઈક કહેવું છે. (પ્રસ્તાવના અનુવાદકની) | ૨૬ |
| (૩) | જન્નત અને જહન્નમનો સમન્વય. | ૩૫ |
| (૪) | મુરદાંઓને – મરેલાંઓને ખુદા તેમના જેવા લોકો પાસે પહોંચાડી દે છે. | ૪૦ |
| (૫) | રણજીતસિંઘની સમાધિ અને બાદશાહી મસ્જીદ | ૪૫ |
| (૬) | બયતુલ મુકદ્દસ અને યહુદીઓ | ૪૭ |
| (૭) | જેવું બીજ તેવું ફળ | ૫૨ |
| (૮) | દૃષ્ટાંત | ૫૪ |
| (૯) | જરા વિચારો, મનન કરો | ૫૬ |

| | | |
|---|---|---|
| (૧૦) | જુઠ્ઠી રિવાયત | ૬૩ |
| (૧૧) | ગુરૂ શિષ્યનો કિસ્સો | ૭૦ |
| (૧૨) | “હબીબ હબીબ કા મુસ્તાક હૈ” એક ચર્ચા | ૮૧ |


મૈં મોમીન હું, મૈં મોમીન હું મૈં મોમીન હૂં, મૈં મોમીન હું, મૈં મોમીન હું,
અબુજહલોંકા દુશ્મન હું, અબુતાલિબકા (અ.) ઝાકીર હું, નબી (સ.) સે ઈશ્ક રખતા હું, અલી (અ.) સે પ્યાર કરતા હું, નબી (સ.) ઝાદીકે દુશ્મનસે અઝલસે ખાર રખતા હું, અબુઝર (રઝિ.) જિસપે ચલતે થે, ઉસી રાહ કા મુસાફીર હું,
મૈં મોમીન હું, મૈં મોમીન હું, મૈં મોમીન હું.

મેરા મનસબ ગુલામી હે, દરે આલે મોહમ્મદ (સ.) કી, ઈસી દેહલીઝ પર તો ઉમર ગુજરી હે અબુઝર (રઝિ.) કી, કોઈ પલ હોં, કોઈ લમ્હા હોં, મૈં ઈસ દરપે હાઝિર હું,

મૈં મોમીન હું, મૈં મોમીન હું, મૈં મોમીન હું.

મૈ આશિક હું અલી (અ.) કા મેરે ચેહરેસે ઈશ્કે અલી (અ.) ઝલકતા હૈ,

જમાના મુજસે ઝલતા હૈ, જમાના મુજસે જલતા હૈ,

બાતિન ભી વોહી હું મેં, કે મૈં જો કુછ બઝાહિર હું,

મૈં મોમીન હું, મૈં મોમીન, હું, મૈં મોમીન હું.

હો કુછ ભી, ગયરકી દસ્તકપે, મેરા દર નહીં ખુલતા, અલી (અ.)સે બુગ્ઝ જો રખતા હૈ, મૈં ઉસ પર નહીં ખુલતા, અલી (અ.) કા ચાહનેવાલા જો હૈ, ઉસ પર મૈં ઝાહિર હું,

મૈં મોમીન હું, મૈં મોમીન હું, મૈં મોમીન હું.

તુજે દુનિયા હૈ પ્યારી, ઔર મુજે દુનિયા બદલના હૈ,
મુજે માલૂમ હૈ કિસ રાહસે બચના, કિસ પે ચલના
હૈ, તું અપની રાહ લગ, મૈં કબ તેરી રાહકા મુસાફિર હું,
મૈં મોમીન હું, મૈં મોમીન હું, મૈં મોમીન હું.
નિકલ કર દેખ હુજરે સે, જમાના વો નહીં જો થા,
હરેક લમ્હા તગય્યુર કા ફસાના વો નહીં જો થા, તું
ઈન્સાન કેહનેકે લાઈક નહીં હૈં, મૈં તો મોમીન હું,
મૈં મોમીન હું, મૈં મોમીન હું, મૈં મોમીન હું.

(રાહે ઈસ્લામના સૌજન્યથી)

# (૧) : પ્રસ્તાવના

ઘણી લાંબી મુદ્દતથી લોકોમાં આ વાત ચર્ચાનો વિષય બનેલી છે કે હઝરત અબુબકર અને હઝરત ઉમરે પેગંબર (સ.અ.વ.) ની મિત્રતાનો હક ઘણી ખૂબી સાથે અદા કર્યો. બંને બુઝુર્ગોએ ઈસ્લામના માટે એટલી બધી કોશીશ કરી કે, આજે ઈસ્લામના આભમાં સૂર્ય-ચંદ્ર જેવા ગણાય છે. આ જલીલૂલ કદ્ર સહાબીઓએ રસુલુલ્લાહની મદદ કરવામાં કોઈ કસર નથી રાખી. કોઈ ઘડી પણ જતી કરી નથી. તેથી જ જેવી રીતે આ બંને બુઝુર્ગોને રસુલના જીવનકાળ દરમ્યાન એમનો સંગાથ પ્રાપ્ત થયો. એવી જ રીતે રસુલના જીવનકાળ પછી એટલે મૃત્યુ બાદ પણ હંમેશાં માટે હુઝુર પુરનુર (સ.અ.વ.) એ બંનેને પોતાની રહમતના સાયામાં જગ્યા આપી. અને રોઝએ અકદશમાં એમને દફન

થવાનું નસીબ થયું. આથી આ નસીબદારો માટે નેક ગુમાન ન રાખવું કપટ અને ઈર્ષાખોરીની નિશાની છે. જેનાથી આપણી આખેરત ખરાબ થવાનો ભય છે.

આ વિષય જેટલો જરૂરી અને રસિક છે, એટલો જ ચર્ચા કરવા માટે સંભાળપૂર્ણ પણ છે. મને શબ્દે શબ્દે મારી કલમ પર જવાબદારીનો એહસાસ પણ થઈ રહ્યો છે. અર્વાચિન સમયની પરિસ્થિતિ પણ મારી સામે છે. જેમાં મુસલમાનોમાં બિલકુલ એકતા નથી. જેથી ન્યાયસંગત કાનૂનોનો બરાબર પાસ રાખીને આ ગૂઢ-જટિલ-પેચિદા અને સૂક્ષ્મ વિષય ઉપર ચર્ચા કરવા ઈચ્છા ધરાવું છું.

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનો લાખ લાખ એહસાન અને મહેરબાની મારા ઉપર છે કે તેણે મારા દીલમાં નૂરે ઈમાનીથી રોશની ઉત્પન્ન કરી,

ઈમાન એટલી કિંમતી નેઅમત છે કે, એનો શુક્રિયાહ અદા નથી કરી શકાતો. પરંતુ કુદરતી નિયમ છે કે હિદાયત અને ગુમરાહી, પ્રકાશ અને અંધકાર, નેકી અને બદી, કુફ્ર અને ઈસ્લામ, સત્ય અને અસત્ય, દંભ (નિફાક) અને ઈમાન, આ દુનિયામાં સાથે સાથે ચાલી રહ્યાં છે. શયતાને મુસલમાનોની બહુમતીને ભટકાવી દીધી, એમને બાતિલ અકાઈદના અંધકારમાં ધકેલી દીધા. મુસલમાનો જુઠી માન્યતાઓના પૂજારી બની ગયા. જેથી એમની એકતા પણ સ્થાપિત ન રહી. એમનામાં સેંકડો ફિરકા પેદા થઈ ગયા. તેથી ફક્ત ઈસ્લામના નામ પર ખુશ થઈને જીવવું, તવહીદ અને નુબુવ્વતના અકીદાનો ઈકરાર કરીને પોતાને નાઝી (બક્ષીસ પામેલા) માનવું સાચું નથી. પરંતુ દરેક માન્યતાની

ઊંડાણમાં જઈ તેની જાંચપડતાલ – (રિસર્ચ) – શોધખોળ કરવી જરૂરી છે.

દરેક મસઅલાની સત્યતાને કિતાબે ખુદા અને સુન્નતે રસુલની રોશનીમાં ચકાસવી જોઈએ. જેથી કરીને સત્ય અને અસત્યમાં તફાવત એક જ સાચો રસ્તો છે, જેમાં મિલ્લતે ઈસ્લામીયામાં કદીપણ મતભેદ નથી. તે રસ્તો આ છે કે દરેક પ્રશ્નને સમજમાં લાવવા માટે તેને રસુલુલ્લાહ (સ.અ.વ)ના જીવનકાળમાં તપાસવામાં આવે અથવા રસુલે ખુદાએ આપેલી કિતાબ કલામુલ્લાહથી જોવામાં આવે.

પોતાના સ્વીકારેલા ધર્મને અનુસરણ માટે સાચો સમજવો, ઝઘડો-જીદ અને શત્રુતા દાખવીને પોતાના દૃષ્ટિબિંદુઓ મનાવવાની કોશિષ કરવી, દીને ઈસ્લામની વિરૂધ્ધ છે. રુહે ઈસ્લામની વિરૂધ્ધ

છે. જેથી મતભેદો ઉત્પન્ન થાય ત્યારે તેને દૂર કરવાનો શ્રેષ્ઠ માર્ગ આ જ છે કે પ્રશ્નને કિતાબે ખુદા અને સુન્નતે રસુલની રોશનીમાં જોવામાં આવે, અને આ પણ સ્પષ્ટ છે કે બુધ્ધિ અને કુદરતના વિરૂધ્ધની એક એક વાત બિનઈસ્લામી જ ગણાશે. આવા સૂક્ષ્મ અને મુશ્કેલ વિષયને અમે કિતાબુલ્લાહ અને સુન્નતે રસુલના આયનામાં રજુ કરીએ છીએ. ન્યાય આપવાનું કાર્ય વાચક વર્ગ ઉપર છોડી દઈએ છીએ.

ઉમ્મીદ છે કે વાચકો, નિષ્પક્ષપણે અભ્યાસ કરીને હિદાયત પામશે, ઈન્શાઅલ્લાહ હક ગાલિબ (વિજયી) રહેશે,

અલ્લાહના લાખો એહસાનો સાથે, દુરુદ થાય પ્યારા રસૂલ મુહમ્મદુર રસુલુલ્લાહ (સ.અ.વ.) ઉપર અને આપની આલ અવલાદ ઉપર, સલામ !

તે બુઝુર્ગ હસ્તીઓ ઉપર જેમણે રસુલના આખરી પૈગામ “હદીસે સકલૈન” ઉપર અમલ કર્યો, તેમની અવલાદ સાથે લાગેલા રહ્યા. પોતાના જીવનનું બલિદાન એહલેબયતના કામોમાં આપી દીધું.

અય અલ્લાહ ! તું સાક્ષી રહેજે, અમે બેઝાર છીએ, નફરત કરીએ છીએ, લઅનત મોકલીએ છીએ, દરેક તે વ્યક્તિ ઉપર, જેઓએ તારા મહબુબ રસુલની વસીયતથી મોં ફેરવ્યું. તારા રસુલના સ્પષ્ટ હુકમની ખુલ્લી અવગણના કરીને દીને ઈસ્લામથી ગદ્દારી કરી. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ઈરશાદ ફરમાવે છે.

**“વહોવલ્લઝી મરજલ બહરૈને હાઝા અઝબુન ફુરાતુંવ હાઝા મિલ્હુન ઉજાજુન વજઅલઅ્ બયનહોમા બરઝખંવ વ હીઝરમ મહજુરા”,**

(સુરએ ફુરકાન આયત-પ૩.)

**અર્થાત** : અને ખુદા તે જ છે કે જેણે બે સમુદ્રોને જોડા જોડ રાખ્યા છે. એક મીઠો અને સ્વાદિષ્ટ છે. અને આ એક ખારો અને કડવો છે. અને તેણે તે બન્નેની વચ્ચે એક આડ મૂકી છે. એવી એક અટકાયત, જેણે બંનેને એકમેક થતાં અટકાવ્યા છે."

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત એવી કુદરત, શક્તિ અને બુધ્ધિ ધરાવનાર છે કે તેણે એક જ સ્થળે બે જુદાં જુદાં વિષેશ ગુણો ધરાવતી ચીજો પેદા કરી, અલ્લાહે પોતાની કુદરત અને શક્તિનું દૃષ્ટાંત ખારા અને મીઠા પાણીના મિલાપ દ્વારા વર્ણવ્યું છે કે બંને પાણીઓ એક બીજાની સાથે લગોલગ રહેલા હોવા છતાં પણ પોતાના વિશેષ ગુણો કાયમ રાખે છે. અને ન ખારા પાણીમાં મીઠાશ આવી જાય છે. ન મીઠા પાણીમાં ખારાશ આવી

જાય છે. કુદરતના અટલ નિયમ પ્રમાણે સદીઓ, સદીઓ વીતી ગઈ હોવા છતાં, એક કુદરતી રૂકાવટ આ બંને સમુદ્રોના પાણીના ગુણોનું રક્ષણ કરી રહી છે. આથી આપણને જ્ઞાન થયું છે કે દેખીતી રીતે એક સરખી દેખીતી બે ચીજો એકબીજા સાથે ભેગી થઈ જાય તો પણ એના વિશેષ ગુણો જેમના તેમ રહે છે. જેવી રીતે ખારું પાણી મીઠા પાણીની સાથે વહેતું હોવા છતાં ખારું જ રહે છે.

અલ્લાહે પાણીનું દૃષ્ટાંત એટલા માટે આપ્યું કે, તેણે દરેક વસ્તુને પાણી વડે બનાવી છે. એટલે પાયાનંણ તત્ત્વ પાણી છે. મુખ્ય મુદ્દો પાણી છે, જેનાથી ઈન્સાનને બનાવવામાં આવ્યો. તેથી બધી જ ભૌતિક વસ્તુઓ માટે જેનું બંધારણ પાણી છે, આ દૃષ્ટાંત દ્વારા અલ્લાહ એક દલીલ સ્થાપિત કરે છે, અને તે પણ છેવટની દલીલ દ્વારા સમજાવે છે કે બે

વિરોધી ગુણ ધરાવતી ચીજો એક સાથે હોય તો પણ પોતપોતાના વિશેષ ગુણો સાથે જ કાયમ રહે છે. એક બીજાના ગુણો હટાવી સકાતી નથી. તેમાં લગીરે ફેરફાર થતો નથી. જો કે કુદરત આ બંને વચ્ચે રૂકાવટનો ખાસ પ્રકારનો બંદોબસ્ત કરે છે.

અલ્લાહની બેહતરીન કિતાબે આપેલી આ ચાવી દ્વારા આપણાં મતભેદનો ફેંસલો સહેલાઈથી થઈ સકે છે. વિરોધ પાર્ટીની દલીલ આ છે કે, હઝરાત શૈખેનનું રોઝા મુબારકમાં રસુલની પાસે દફન થવું તેમના ઉચ્ચ મરતબાની સાબિતી છે. જ્યારે અહેલેયબયતના ચાહકોનો મત આ છે કે જ્યાં સુધી કામીલ ઈમાન ન હોય, અને નેક અમલો નસીબ ન થયા હોય, ત્યાં સુધી રસુલની સાથે દફન થવાની કોઈ શ્રેષ્ઠતા નથી. જો આપણે કપટરહિત બની, ખોટી અકીદત તરફ ખેંચાયા વગર, તંદુરસ્ત

મગજથી બંને ફિરકાના દૃષ્ટિબિંદુઓને નજર સમક્ષ રાખી વિચારીએ તો આ વાત સ્વીકારવાને મજબુર થઈ જઈશું કે, ફક્ત રોઝએ અકદશમાં દફન થઈ જવું કોઈ શ્રેષ્ઠતા નથી. જ્યાં સુધી ઈમાન અને અમલ સારાં ન હોય. આ બાબતમાં શીયા દૃષ્ટિબિંદુ અક્કલની દૃષ્ટિએ પણ અને શરીઅતની દૃષ્ટિએ પણ યોગ્ય છે. કારણ કે ફક્ત દફન થવાની જગ્યાની જ જો શ્રેષ્ઠતા અને ફઝીલત હોય તો આ શ્રેષ્ઠતા અને ફઝીલત કાફિરો અને મુશ્રીકોને પણ પ્રાપ્ત થઈ જશે. અને આ બાબતમાં હઝરાત શૈખૈન કરતાં પણ તેમને અગ્રતા પ્રાપ્ત છે. આ વિચારધારામાં બધાથી વધુ ખરાબી તો આ પેદા થાય છે કે મઆઝલ્લાહ (અલ્લાહ મઆફ ફરમાવે) ખુદ રસુલેપાકની ઝાતે પાક ઉપર ગલત ગુમાન શક્ય છે ? હરગીઝ નહિ.

ઈતિહાસ દ્વારા આ વાત સંપૂર્ણ રીતે સાબિત છે કે મસ્જિદે નબવી અને જે જગ્યા ઉપર રસુલ્લાહ (સ.અ.વ)નો રોઝો મુબારક છે, તે જગ્યા ઉપર ઈસ્લામ આવતાં પહેલાં મદીનાના મુશરીકોનું અને કાફિરોનું કબ્રસ્તાન હતું. આ મસ્જિદ મદીનાના મુશરીકોની કબરોની ઉપર જ બનાવવામાં આવી છે. જ્યાં મુશ્રીકોના શરીર માટી બનીને માટીમાં ભળી ગયાં છે. તેમનું લોહી માંસ તો આ જમીનમાં જ દફન રહ્યું હતું. પહેલાંથી દફન હતાં, એમની ઉપર ખુદા રહમત વરસાવતો હશે ? કે કંઈક બીજું?....વિચારો

**અથવા**

જ્યારે આ જગ્યાએ મુસલમાનોએ મસ્જીદ બનાવી અને આ જગ્યાનું નસીબ પણ જાગી ઉઠયું કે એને નબીના પાક બદનનો સહવાસ પણ પ્રાપ્ત

થયો, તો શું ઈસ્લામ પહેલાં આ કબ્રસ્તાનમાં દફન થયેલા કાફિરો પણ અલ્લાહની રહમતના ભાગીદાર થતા હશે ? જે સુલુલ્લાહ (સ.અ.વ.) ઉપર ઉતરતી હોય છે. અથવા આ કે જે અઝાબ કાફિરોને થતો હશે, મઆઝલ્લાહ, તેની અસર તેનો પ્રભાવ અને ગુણ મસ્જિદે નબવી ઉપર પડતો હશે ? અલ્લાહ મઆફ કરે. આવું હરગીઝ શકય નથી.

આ એક ઘણી સરળ, મનનીય બાબત છે. જે સહેલાઈથી સમજમાં આવી શકે છે, તેના માટે આપણે નિર્ણય બાંધી શકીએ કે આ જગ્યાએ દાટવામાં આવેલા કાફિરો અને મુશ્રીકો ખુદાના કાનૂન મુજબ અઝાબમાં ફસાયેલા છે. જ્યારે મોઅમેનીન માટે આ જ સ્થળ અલ્લાહની રહમતથી ભરપુર છે. નબીનો રોઝો મુબારક જન્નતના બાગો

કરતાં પણ બહેતર છે. **'રોઝએ મન અફઝલ રિયાજુલ જન્નત'. (હદીસ)**

જે લોકોને મદીના મુનવ્વરાની ઝિયારત નસીબ થઈ છે. તેઓ સારી રીતે જાણે છે કે રોઝએ રસુલ અને મસ્જિદે નબવી અલગ અલગ નથી. બલ્કે એક જ જગ્યા છે. આ તે જગ્યા છે, જે હિજરત પહેલાં મુશ્રીકોનું કબ્રસ્તાન હતું. જેથી ચોક્કસ તેમના અપવિત્ર શરીરોની માટી સડીને આ જમીનમાં ભેળસેળ થઈ ગઈ છે. પરંતુ હુઝુરે અકદશ (સ.અ.વ.) એ પોતાની આરામગાહ આ જગ્યાને બનાવીને કુરઆનની ચાવી પ્રમાણે મતભેદોનું તાળું ખોલી નાંખી, મતભેદો દૂર કરી દીધા, કે જેવી રીતે સમંદરોમાં બે જાતના ખારા અને મીઠા પાણીઓ સાથે વહીને, સાથે રહીને પણ પોતાનું અલગ અલગ અસ્તિત્વ જાળવી રાખે છે, તેવી જ રીતે એક

જ સ્થળે અઝાબ અને રહમત બંનેનું થવું પણ શક્ય છે.

અલ્લાહ શક્તિશાળી છે કે જે આવી રૂકાવટની સુંદર વ્યવસ્થા કરી શકે છે, અને દરેક વસ્તુ કે જ્યાંની હકદાર છે તેને તે તરફ રાખી શકે છે. ખારા પાણીને ખારા પાણી તરફ જ રાખે અને મીઠા પાણીને મીઠા પાણી તરફ જ રાખે. અઝાબના હકદાર મુનાફિકો, કાફિરો, મલઉનો, ઝાલિમો, મુશરીકો ભલે મસ્જિદે નબવીની જગ્યાએ જ, રોઝએ અતહરની નીચે યા આસપાસ કેમ દફન ન થયા હોય ? એમને છુટા રાખવું અને એમના ઉપર અઝાબ કરવો, અલ્લાહની શક્તિની બહારની વાત નથી. જેથી હવે આ મસઅલો કુરઆન અને સુન્નત દ્વારા હલ થઈ ગયો.

જ્યારે હુઝુર (સ.અ.વ.) મક્કાથી મદીના તશરીફ લાવ્યા. તો આપે મસ્જીદ માટે જગ્યા પ્રાપ્ત કરી, એક જગ્યાએ રહેઠાણની વ્યવસ્થા કરી પણ કરી, અને એજ જગ્યાને પોતે દફન થવાની ઈઝ્ઝત પણ બક્ષી. એજ જગ્યાએ હઝરત શેખૈનને પણ દફનાવવામાં આવ્યા. જેથી મસ્જિદે નબવીના વિષયમાં અમે એહલેસુન્નતની પ્રખ્યાત કિતાબ તબકાત ઈબ્ને સઅદનું વર્ણન રજુ કરીએ છીએ.

"અનસ કહે છે કે આ જગ્યામાં મુશ્રીકોની કબરો હતી. ખજુરનો બાગ હતો, પથ્થરો હતા, રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ખજુરનો બાગ કાપી નખાવ્યો. મુશરીકોની કબરોને ખોદાવી નંખાવી, પથ્થરોને જમીન સરખા કરી દીધા. લોકોએ ખજુરોના ઝાડો કિબ્લાની બાજુ લાઈનમાં ઉભા ગોઠવી દીધાં, એની બંન્ને બાજુ પથ્થરો પણ

ગોઠવ્યા, લોકો સાથે આપ (સ.અ.વ.) પણ ફરમાવતા હતા, "અય અલ્લાહ, આખેરતની ભલાઈના સિવાય કોઈ ભલાઈ નથી, જેથી તું અનસાર અને મોહાજેરીનની મદદ કર."

અમ્માર બિન યાસીર ઘણી જ શરીર શક્તિ ધરાવનાર વ્યક્તિ હતા. તેઓ બે બે પથ્થરો એક સાથે ઉઠાવીને લાવતા હતા. તેમને રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું અય ઈબ્ને સુમૈયા "શાબાશ, તમને બાગીઓનું ટોળું કતલ કરશે."

(બાગી એટલે રાજદ્રોહી, ઈસ્લામી રાજ્યનો દુશ્મન, વિદ્રોહ કરનાર, ખલીફાની અવજ્ઞા કરનાર, સખત ગુનેગાર,

ના-ફરમાન, સાચા રસ્તેથી ભટકી ગયેલો. એ વાત યાદ રહે કે અમ્માર બિન યાસીર (રઝિ.) જંગે સિફ્ફીનમાં હઝરત ઈમામ અલી ઈબ્ને અબી

તાલીબ (અલ.) તરફથી મઆવીયાની સામે લડતાં મઆવીયાના લશ્કરે આપને શહીદ કર્યા. નબીની આ હદીસ આ વાતની સાબિતી છે કે મઆવીયા અને એના સાથીઓ ગુમરાહ અને બાગી હતા. જેમને હઝરત ઈમામ અલી (અલ.) સામે ખુલ્લી બગાવત કરી, સિફ્ફીનમાં યુધ્ધ કર્યું અનુવાદક)

(તબકાત ઈબ્ને સઅદ. મુહમ્દ બિન સઅદ, ભાગ-૨, પેજ નં. ૧૭ હીજરીસન ૨૩૦.)

મશહુર છે કે હુઝુર (સ.અ.વ.)ની વફાત આયશા ઉમ્મુલ મોમેનીનના હુઝરામાં થઈ, અને આ હુઝરો કબર શરીફની જગ્યા ઉપર જ હતો. જેની લાગોલગ મસ્જિદે નબવીમાં જવાનો રસ્તો પણ હતો. મુહમ્મદ બિન સઅદ લખે છે કે, "જ્યારે આપ (સ.અ.વ.) મસ્જિદે નબવીના બાંધકામથી પરવાર્યા, તો આ હુઝરો જેનો એક દરવાજો મસ્જિદ તરફ ખુલતો

હતો, આયશા માટે ફાળવ્યો. (તબકાત ઈબ્ને સઅદ, ભાગ-૨, પેજ ૧૬).

ટૂંકમાં કુરઆનમજીદ અને સુન્નતે રસુલે મકબુલ (સ.અ.વ.) ના ઈરશાદાતથી આ વાત સાબિત થઈ ગઈ કે ફક્ત પવિત્ર જગ્યા ઉપર દફન થવું કોઈ ફઝીલતની (બુઝુર્ગીની) વાત નથી. એમાં કોઈ શ્રેષ્ઠતા નથી. જો દફન થયેલી વ્યક્તિના પોતાના કૃત્યો, આચરણ, પરહેઝગારી ભર્યું, ખુદાના હુકમ મુજબનું હોય, તો એ જે જગ્યાએ પણ દફન થયો હશે, તે જ જમીન એના માટે રહમતે ખુદા ઉતરવાની જગ્યા બની જશે, ખુદાની બરકતો નાઝિલ થવાની જગ્યા બની જશે. જેથી કરીને દફન થયેલી જગ્યાના શ્રેષ્ઠ હોવાની દલીલ ઉપર કોઈને શ્રેષ્ઠ સમજવું ન કુરઆન પ્રમાણે સાચું છે, ન સુન્નતે રસુલ મુજબ, અને આપણી અક્કલ તથા દુરંદેશી પણ આવી શ્રેષ્ઠતા માનવા કદીપણ તૈયાર થતી નથી.

અહકર અબ્દુલકરીમ મુસ્તાક

## (૨) : મારે કંઈક કહેવું છે (અનુવાદક)

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનો લાખ લાખ શુક્ર અદા કરું છું. જેણે મને અંધકારમાંથી પ્રકાશ તરફ ફેરવ્યો, ઝૂલ્મ અને ગુમરાહીમાંથી હિદાયત બક્ષી, જ્ઞાન, રહમત અને વિલાયતનો રસ્તો બતાવ્યો. વ્યક્તિ પૂજાના જુઠ્ઠા કુંડાળામાંથી બહાર કાઢી, માઅસુમીનની તાબેદારી તરફ મને હિદાયત બક્ષી. જીવનનો કિંમતી, બહેતરીન સમય ગુમરાહીમાં વીતાવ્યા બાદ જે અલ્લાહે મને હિદાયત બક્ષી, તેનો શુક્ર મારા જેવા નાચીજથી શું અદા થાય ? મઝહબે હકનું જે નુર અલ્લાહે મારા દિલમાં પ્રકાશિત કર્યું તેની કિંમત તો તેને જ સમજાય જે ઝુલમતમાં હતો, અંધકારમાં હતો. લાદીનીયતને દીન સમજતો હતો. અંધકારને અજવાળું સમજતો હતો. નબીના કટ્ટર દુશ્મનોને નબીના મેહબુબ

સમજતો હતો, કટ્ટર મુનાફિકોને ઈમાનના ધ્વજવાહક સમજતો હતો. તેને જ આ હિદાયતની સાચી કિંમત સમજાય.

જ્યાં અસત્યને સત્યનું મ્હોંરૂ અસલ ચહેરો, પહેરાવી છુપાવીને, બહુમતિ દ્વારા ગંદા રાજકારણના આટાપાટા ખેલી, નબીના સાચા ઉત્તરાધિકારી પાસેથી તેમનો હક્ક છીનવી. ઈતિહાસને મારી મચકોડી રજુ કરવામાં આવતો હોય, ત્યાં હિદાયતનો રસ્તો શોધવો ઘણો જ મુશ્કેલ બની જાય છે. કારણ કે હળાહળ કડવા ઝેરને, સ્વાદ ફેરવીને, અમૃતના પ્યાલામાં લોકોને પીવડાવવામાં આવી રહ્યું છે. ઈતિહાસને છુપાવવામાં આવી રહ્યો છે. મુસલમાનોની બહુમતિ ખલીફાઓએ બદસુરત બનાવેલા, પોતે કંડારેલા, પોતે ઘડેલા, જુઠ્ઠા

ઈસ્લામને નબી (સ.અ.વ.) નો લાવેલો સાચો દીન સમજી તેના ઉપર ચાલી રહી છે.

દુનિયાના સ્ટેજ ઉપર આ ખલીફાઓના બનાવેલા ઈસ્લામની ઝિલ્લત ઉઘાડી થઈ ગઈ છે. દુનિયાની બીજા નંબરની વસ્તી ધરાવતી બહુમતિ ઠોકરો ખાઈ રહી છે. બેઈઝ્ઝત થઈ રહી છે. ઝલીલ થઈ રહી છે, બિચારી બહુમતિ અને અક્કલનો ઉપયોગ ન કરતો એમનો આલિમ વર્ગ ચીખો પાડીને કહી રહ્યો છે કે “આપણે કુરઆન સુન્નતને છોડી દીધાં, જેથી આપણો આવો હાલ થયો છે. વાત બરાબર છે. આ બહુમતિએ કુરાનના અરબી પાઠોને તો પોપટની જેમ ખૂબ ગોખ્યા છે. “નબીકા લાયા હુઆ તરીકા” જેવા શબ્દ પ્રયોગ દ્વારા બુમાબુમ પણ ખૂબ કરે છે. અમે પણ કહીએ છીએ કે વાત તો તદ્દન સાચી છે. આપણે કુરઆન સુન્નત

છોડી ચુકયા છીએ, પરંતુ મુસલમાનોનું કુરઆન તર્ક કરવું તો એક બીમારી છે. એ બીમારી દૂર કરવાના કારણો અને ઈલાજો શું છે ? બીમારી, બીમારીના બુમબરાડા તો આજે ચૌદશો વર્ષથી તમો પાડી રહ્યા છો. પરંતુ બહુમતિ વિચારે છે ખરી ? કુઆર્ન સુન્નત છોડી દેવાની બીમારીનું મૂળ શું છે ? આ બીમારી આપણને ક્યાંથી લાગુ પડી ? કોણે લગાડી ? કેમ લગાડી ? આ બીમારી ઉમ્મતમાં પેદા કરનાર કોણ કોણ હતા ? અલ્લાહના ખૂબસુરત દીનના ખૂબસુરત ચહેરાને બદસૂરત કોણે બનાવ્યો ?

આપણી આ પાયાની ભૂલના કારણે કુરઆનના બધા વાયદાઓ ખોટા પડી રહ્યા છે. આપણે ઝિલ્લતની જીંદગી જીવી રહ્યા છીએ. આપણે મુનાફિકોને મોમીનોના સરદાર બનાવી, તેમણે કંડારેલા જુઠા દીન ઉપર ચાલી રહ્યા છીએ.

આપણે કુરઆન સુન્નતને છોડી દીધાં, તો શા માટે છોડી દીધાં ? કોણે છોડાવ્યાં ? તેનો કદીપણ વિચાર કરતા નથી. આપણી આ પાયાની ભૂલ છે.

નબી (સ.અ.વ.)ની આંખ મીચાતાં અગાઉ ગંદા રાજકારણના આટાપાટા કોણે ખોલ્યા ? બુખારીમાં, સહીહ બુખારીમાં, જેની એક એક હદીસ તલાશ કરતાં નોધતાં પહેલાં, નવું ગુસલ, નવું વુઝુ, બે રકાત નમાઝ પઢી, અલ્લાહથી મશ્વિરો કરી હાદીસની નોંધ કરતા બુખારી શરીફના લેખક પોતાની સહીહ બુખારીમાં જેનો દરજ્જો કુરઆન પછી ગણવામાં આવે છે. તેમણે વાકેયા કીરતાસની (કાગળ કલમનો કિસ્સો) હદીસને સાત જગ્યાએ જુદી જુદી રીતે રિવાયત પામેલી હદીસને નોંધી છે. શું બહુમતિ મુસલમાનોના બુદ્ધિશાળી વર્ગ આ હદીસને વાંચીને સમજશે ખરો ?

નબીની એહલેબયત ઉપર ઝુલમના પહાડ તોડનાર ખલિફાઓના કિસ્સાઓ વર્ણવતી સિહાહ સિત્તાની કિતાબોને મુસલમાનો સમજવાની કોશિષ કરશે ખરા ?

પહેલા બીજા ખલીફાઓના સમયમાં થયેલી જીતોના કિસ્સાઓ વાગોળી વાગોળીને વર્ણવતા આલીમો, તેમણે બિનમુસ્લિમ મઝલુમ વસ્તીઓ ઉપર વગર કારણે કરેલા ઝૂલ્મોનું વર્ણન કરશે ખરા ? ઈસ્લામ ઉપર તલવારથી ફેલાયાનો આક્ષેપ આજે આખી દુનિયા કરી રહી છે, તે કેમ કરી રહી છે ? શું નબી અને પહેલા, બીજા ખલીફાઓની જંગોમાં કોઈ ફરક છે ખરો ? શું નબી (સ.અ.વ.) એ શાંત આબાદીઓ ઉપર હુમલા કર્યા હતા ? નબી(સલ.)ની જંગો રક્ષણાત્મક જંગો જ હતી. અલી (અ.)ની જંગો પણ રક્ષણાત્મક જંગો હતી. કાફિર,

મુશ્રીક રાજાઓ પણ પ્રદેશો જીતે છે. એમાં કઈ બુઝુર્ગી કે કમાલ છે ? !!! તલવારથી મેળવેલ જીતો દ્વારા સાચા ઈસ્લામને સમજી શકાય ખરો ? મઝલુમ કોમોના દિલોમાં આ ઈસ્લામ રચેપચેખરો? નમાઝ, કે દાઢી, કપડાં, ઉચાં નીચાં, જેવાં આડંબર દ્વારા, કર્મકાંડો દ્વારા ઈસ્લામને ઈઝ્ઝતવાળો બનાવી શકાય ખરો ? બહુમતિ પ્રથમ તો નબીના સમયનો ઈતિહાસ જાણે, પોતાના આલીમોને પ્રશ્નો કરે, શા માટે વાકીયએ કિરતાસને મિમ્બરો ઉપરથી બયાન કરતા નથી ?

શા માટે કરબલાના મઝલુમ શહીદોનું વર્ણન મિમ્બરો ઉપરથી કરતા નથી ? જંગે જમલનું વર્ણન શા માટે મિમ્બરો ઉપરથી થતું નથી ? તેમાં કોણ હક ઉપર હતું ? આ જંગ કોની કોની વચ્ચે થઈ હતી ? જંગે સિફ્ફીન કોની કોની વચ્ચે થઈ

હતી ? તેમાં કોણ હક પર હતું ? કોણ બાતિલ-ગુમરાહ હતું ? શું બહુમતિનો બુદ્ધિશાળી વર્ગ પોતાના આલિમો પાસે આના ઉત્તરો માંગશે ખરો ?

હઝરત ઈમામ હસન (અલ.) ને શહીદ કોણે કર્યા ? કોણે કરાવ્યા ? કોણે શું લાલચ આપી ? આપણે યઝીદના ચાહક કેમ બની રહ્યા છીએ ? આ પ્રશ્નોના ઉત્તરો બહુમતિ મુસલમાનોનો બુદ્ધિશાળી વર્ગ પોતાના આલિમો પાસે માંગશે ખરો ?

વાકીયએ કીરતાશ કાગળ કલમનો કિસ્સો શું છે ?

બાગે ફદક શું છે ? કોનો હતો ? કોણે દાદાગીરીથી છીનવી લીધો ? નબીની માસુમ બેટી ફાતેમાના ઘરનો દરવાજો સળગાવ્યો ? એ મોટા ગણાતા ખલીફાઓનું નામ શું છે ? જવાબ મળશે હઝરત અબુબકર અને હઝરત ઉમર.

શું પહેલા અને બીજા ખલીફા નબીના કફન દફનમાં હાજરી આપી શક્યા હતા ? કે ખિલાફત મેળવવા બની સકીફહ દોડી ગયા હતા ?

નબી (સ.અ.વ.) ના ઈન્તેકાલ પછી ત્રણ મહિનાથી પણ ટૂંકા ગાળામાં શહીદ થનાર માસુમા ફાતેમા (સલા.) ની આરામગાહ નબીની પેહલુમાં કેમ નથી ? જગ્યા તો ઘણી હતી. બે ખલીફાઓ તો ઘણા જ પાછળથી મૃત્યુ પામ્યા. રિવાજ તો કુટુંબીઓને સાથે દફનાવવાનો છે.

હઝરત આયશાને કોણે મારી નાખ્યાં ? શા માટે મારી નાખ્યાં ? બહુમતિ મુસલમાનોનો બુદ્ધિશાળી, પ્રમાણિક વર્ગ સત્ય સમજવા માંગતો હોય તો આ બધા પ્રશ્નના ઉત્તરો પોતાના અલિમો પાસે માંગે. ઈન્શાઅલ્લાહ હક હક છે. છુપાવી શકાશે નહીં.

**અનુવાદક : ઈબ્રાહીમ બી. પટેલ ભરૂચ.**

## (3) જન્નત અને જહન્નમનો સમન્વય

કુરઆનની સુરએ આરાફની તિલાવતથી માલુમ પડે છે કે જન્નત અને દોઝખ સાથે સાથે જ હશે. ત્યાં જન્નતીઓ જહન્નમીઓ સાથે તથા જહન્નમીઓ જન્નતીઓની સાથે વાતચીત પણ કરશે. પરંતુ આટલી નજદીકી અને પડોશીપણું હોવા છતાં, જહન્નમીઓ અલ્લાહના અઝાબમાં હશે. જ્યારે જન્નતીઓ અલ્લાહની રહમતો નેઅમતોમાં હશે.

જેથી અલ્લાહે જન્નતવાસીઓ અને જહન્નમવાસીઓના નજદીકપણાંનું વર્ણન કુરુઆનમાં આ રીતે કર્યું છે.

**"વ નાદા અસહાબુન્નારે, અસહાબુલ જન્નતે અન અફીઝુ અલયના મિનલ માએ અવ મિમ્મા રઝકઅ્મુલ્લાહો, કાલુ ઈન્નલ્લાહઅ્ હર્રમહોમા અલલ કાફેરીન." (સુરએ આરાફ આયત નં. ૫૦)**

**અર્થાત** : "અને જહન્નમવાળાઓ જન્નતવાળાઓને પોકારી કહેશે કે અમારા ઉપર થોડું પાણી રેડી દો, અથવા અલ્લાહે તમને અર્પણ કરેલી રોઝીમાંથી અમને પણ (થોડીક) આપો, તેઓ જવાબ આપશે કે બેશક અલ્લાહે એ બંને વસ્તુઓ કાફિરો માટે હરામ કરી છે."

આ આયત ઉપરથી સ્પષ્ટ થઈ જાય છે કે જન્નતી અને જહન્નમી એક બીજાથી એટલા બધા નજીક હશે કે તેઓ એક બીજાની સાથે વાતચીત પણ કરી શકશે, પરંતુ દોઝખની ગરમી જન્નતીઓ માટે નુકસાન કર્તા નહીં બની શકે, જન્નતની રાહતો, ઠંડક સુખચેન જહન્નમીઓ માટે ફાયદાકારક નહીં બની શકે, જેથી આ વાત પણ સાબિત થઈ ગઈ કે, પડોશપણું અને નજદીકી હોવા છતાં અઝાબના

હકદારને અઝાબમાં રાખી શકાય છે, અને રહમતના હકદારને રહમતો પહોંચે છે.

જ્યારે કુદરત જન્નતીઓને અને દોઝખીઓને પાસેપાસે રાખીને આવી વ્યવસ્થા કરી શકે છે કે એકનું અસ્તિતત્વ બીજા ઉપર અને બીજાનું અસ્તિત્વ પહેલા ઉપર કોઈ પ્રભાવ નથી નાંખી શકતું. એવી રીતે નેક અને પરહેઝગારનું પડોશપણું બદકાર અને ખરાબ કૃત્યો કરનારા માટે રહમત રૂપ નથી બની શકતું, જેવી રીતે નમરુદની આગ કુફફારના માટે આગ હતી અને હઝરત ઈબ્રાહીમ (અલ.)ના માટે બગીચાના ફૂલો હતી. આ પણ સમજી શકાય છે કે, મુસા (અલ.) ઉપર ફિરઓનના ખોળામાં પણ અલ્લાહની રહમત વરસતી રહી, જ્યારે કે મુસા (અલ.)ને પોતાના ખોળામાં બેસાડવાવાળા ફિરઓનને આ રહમતમાંથી

એક ટીંપુ પણ પ્રાપ્ત ન થયું. ઉલટાનું એના ઉપર અલ્લાહની લઅનત વરસતી રહી. આ પણ સમજી લો કે જહન્નમની આગ જહન્નમ વાસીઓ માટે અઝાબરૂપ છે. જ્યારે અઝાબ આપવાવાળા ફરિશ્તાઓ માટે આ જ આગ રહમત અને સલામતી બની જાય છે.

નિર્જીવ બુતોમાં અને નિર્જીવ મુદડાંઓમાં કંઈ ફરક નથી હોતો. જો કોઈ મુંદડું કોઈ અતિ પવિત્ર જગ્યાએ દફન થઈને પવિત્ર બની શકતું હોય તો, ખાનએ ખુદામાં એક લાંબા સમય સુધી રહેલા બુતો નાપાક જ કેમ રહ્યા ? જો કે તેઓ અક્કલ પણ રાખતા નથી.

અનુભવ છે કે દરેક વસ્તુ પોતાની હકીકત તરફ જ જતી હોય છે. જેથી આ હકીકતનો અનુભવ અલ્લાહે પોતાના નબી હઝરત ઈબ્રાહીમ (અલ.) ને

કરાવ્યો. આપે ચાર જુદી જુદી જાતના પક્ષીઓને ઝબહ કર્યા. એમનું માંસ બરાબર એકત્ર કર્યુંરૂં. એકબીજામાં મીલાવી દીધું અને પછી હુકમે ખુદાથી પહાડો ઉપર જઈને વેર વિખેર કરી દીધું. પછી આવાઝ આપી, તો પક્ષીઓ પોતાની અસલી હાલતમાં પાછાં ફર્યાં. એકના માંસનો નાનો ટૂકડો પણ કોઈ બીજામાં ન ગયો. તેજ પ્રમાણે પોતાના અસલ મૂળ અસ્તિત્વ સાથે જીવંત થઈ ગયાં. આ ઉપરથી માલુમ પડ્યું કે વંશ વંશ તરફ જ જાય છે. આજ કુઆર્ની અનુભવના પ્રકાશમાં રસુલુલ્લાહ (સ.અ.વ.) નો ઈરશાદ પણ છે.

## (૪) મરેલાંઓને ખુદા તેમના જેવાઓ પાસે પહોંચાડી દે છે.

મરેલી વ્યક્તિને અલ્લાહ તેના જેવી મરેલી વ્યક્તિની પાસે પહોચાડી દે છે.–હદીસે રસુલ.

મુલ્લાં અલી કારી પોતાની કિતાબ “અલ મસનુ ફી અહાદીસ મોઝુઅ” પ્રકાશન મોહંમદી લાહોર પ્રેસ, પેજ નંબર ૨ ઉપર લખે છે કે,

“**હદીસ** : ચોક્કસ અલ્લાહના કેટલાક ફરિશ્તા એવા છે, કે જેઓ મરેલાંઓને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જાય છે. સખાવી કહે છે કે હું આ હદીસથી પરિચિત નથી, એટલે કે આ રિવાયત મરફૂઅ નથી (મરફૂઅ એવી હદીસને કહે છે કે જેનો સિલસિલો – વર્ણન-ક્રમ રસુલુલ્લાહ (સ.અ.વ.) સુધી પહોંચે) આ રિવાયત ફક્ત અબુહુરયરહ સહાબી સુધી જ પહોચે છે. તેઓ જ કહે

છે કે, આ હદીસને ઈબ્ને અબી સીબાએ પણ પોતાની મુસનફમાં વર્ણવી છે. હાફિઝ જીન ઈરાકીએ પણ તખરીજે અહાદીસ અહયાઉલ ઉલૂમમાં (અહયાઉલ ઉલુમનું ટુંકાણ) પણ વર્ણવી છે. આ હદીસ ઉપર શૈખ ઝયનદ્દુદ્દીન કુરેશીની પણ સમજપૂર્વકની શોધખોળ છે કે, આ રિવાયતને અબ્દુર્રઝઝાકે પણ પોતાની મુસનફમાં જગ્યા આપી છે. સઈદ બિન મન્સુરી પણ પોતાની સનનમાં અને ઈમામ બુખારીએ પણ પોતાની તારીખમાં અબુહુરયરહથી જ વર્ણવ્યું છે. તેઓ કહે છે કે અબુહુરયરહથી મરફુઅન રિવાયત નથી. આવું પોતાની ધારણાના આધાર પર કહેવું બરાબર નથી. એમણે જરૂર નબીથી સાંભળી જ હશે. જેથી આ હદીસ પણ મરફૂઅના હુકમમાં જ ગણાશે. કારણ કે ઉસુલે હદીસમાં આવી જાય છે.

એવી જ રીતે એહલે સુન્નતના પ્રખ્યાત આલિમ હાફિઝ જલાલુદ્દીન સિયુતીએ પણ" અસ્સુદુર ફિલ અહવાલુલ મવતી વલ કુબુર" પેજ નંબર ૧૧૫ ઉપર લખ્યું છે કે,

દેયલમીએ "ફિરદોસુલ અખબાર" માં અનસથી મરફૂઅન વર્ણન કર્યુ છે કે હુઝુર (સ.અ.વ.) એ ફરમાવ્યું.

"મારી ઉમ્મતમાંથી જો કોઈ કોમ લૂતનો અમલ કરશે, તો અલ્લાહતઆલા તેનો હિસાબકિતાબ તે જ કોમની સાથે કરશે, આવી જ રિવાયત ઈબ્ને અસાકિરે સહી સનદો સાથે ઉમર બિન અસલમથી પણ નકલ કરી છે. વકીઅ બિન જરાહનું વર્ણન છે કે મેં આ હદીસ રસુલથી સાંભળી છે કે, "જો કોઈ કોમ લૂતનો અમલ કરશે, અલ્લાહ તેને તેની કબરમાંથી ઉઠાવીને તેજ કોમમાં સામેલ

(ભેગો) કરી દેશે, અને તેમની સાથે જ તેનો હિસાબકિતાબ-પૂછપરછ થશે.

ઉપરોક્ત રિવાયતોનો સારાંશ આ છે કે, ખુદાતઆલા મરેલાંઓને તેમના જેવા લોકોમાં પહોંચાડી દે છે. તેનાં કરતુતો પ્રમાણે તેમનો હિસાબકિતાબ તેના જેવા જ કૃત્યો આચરનારાઓની સાથે કરે છે. જેથી મુદડું કોઈપણ જગ્યાએ દફન કરવામાં આવે. જગ્યાની પવિત્રતા તેના શરીર અને અમલોના પવિત્ર થઈ જવાનું કારણ નથી બની શકતી. અલબત જો તેના પોતાના અમલો સારા હોય, તો પવિત્ર જમીન તેના માટે સોના પર સુગંધ જેવી ગણાશે.

જો દફન કરવાની જગ્યા કોઈ મુડદા માટે ઈઝ્ઝત, રાહત કે શ્રેષ્ઠતાનો સબબ ગણાતી હોત તો બદરના શહીદોના શરીરોને એજ જગ્યાએ

હરગીઝ ન દફનાવવામાં આવત. જ્યાં કુફ્ફારે પોતાના મડદાંઓને દાટી દીધાં હતાં.

જો આ વાતને સાચી માની લેવામાં આવે કે દરેક વ્યક્તિ જો કોઈ પવિત્ર જગ્યાએ દફન થઈ જાય, અને રહમતે પરવરદિગારનો હકદાર પણ થઈ જાય, તો આ વાત અક્કલ અને સમજની વિરૂધ્ધ હોવાની સાથે અનુભવથી પણ ખોટી સાબિત થાય છે. દરેક ગુનેગાર, મુનાફિક, ઝાલિમ શાસક કે રાજા, કોઈપણ બુઝુર્ગ કે નેક વ્યક્તિની પાસે પોતાને દફનાવવાનો હુકમ આપત, અને એના વારસદારો એમને ત્યાં જ દફનાવત. પછી તો નેક અમલોનું કોઈ મહત્વ પણ રહેતું નથી. દરેક વ્યક્તિ ગુનાહ કરત અને પોતાની રાજકીય શક્તિના જોરે ઈચ્છિત જગ્યાએ દફન થઈ અલ્લાહની રહમતના હકદાર બની શકત.

## (૫) રણજીતસિંહની સમાધિ અને બાદશાહી મસ્જિદ

દૃષ્ટાંત રૂપે શીખ મહારાજા રણજીતસિંહ પંજાબનો રાજા હતો, બિન મુસ્લિમ હતો. પરંતુ પ્રભુત્વશાળી અને રાજકીય શક્તિનો માલિક હતો. એના સમયમાં મુસલમાનોની સૌથી મોટી મસ્જીદ, જે ઘણી જ વિશાળ અને સુંદરતામાં પણ અજોડ હતી, તેની પ્રતિષ્ઠા બાકી રહી નહીં. એના વારસદારોએ એની સમાધિ આ સુંદર અને વિશાળ, બાદશાહી મસ્જિદની લગોલગ બાજુમાં જ બનાવી દીધી. આજે પણ તેજ પ્રમાણે છે, રણજીતસિંહની સમાધિ અને મસ્જિદ એક સાથે લગોલગ જ છે.

મુસલમાનોની માન્યતા અનુસાર મસ્જિદ અલ્લાહનું ઘર છે. અલ્લાહના ઘરો ઉપર હંમેશાં તેની રહમતો ઉતરતી હોય છે. બરકતો નાઝીલ

થતી હોય છે. પરંતુ કોઈ મુસલમાનના દિલમાં એવો વહેમ, ભ્રમ, સંભાવના કે ખ્યાલ પણ હરગીઝ નહીં ગુજરતો હોય કે મસ્જિદ ઉપર નાઝિલ થતી બરક્તોમાંથી થોડીક બરક્તો રણજીતસિંહની સમાધિ ઉપર પણ ઉતરતી હશે. દેખીતી રીતે તો રણજીતસિંહ અલ્લાહના ઘરનો પડોશી ગણાય છે. આજે પણ લાહોરમાં આ બાદશાહી મસ્જિદ અને સમાધિ જોઈ શકાય છે.

આ વાતથી તદ્દન વિરૂધ્ધ અલ્લામા ઈકબાલ મરહુમનો મકબરો મસ્જિદની બાજુમાં જ છે અને એમના માટે આ જગ્યા ગર્વ અને સમ્માન ને લાયક સમજવામાં આવે છે. જે બિલકુલ યોગ્ય છે. જેવી રીતે રણજીતસિંહના માટે ખુદાના ઘરની નજીક હોવું કોઈ ફાયદાકાર નથી, એવી જ રીતે રસુલના પહેલુમાં દફન થવું કોઈ વ્યક્તિ માટે કોઈ ફાયદાકરાક નથી, જ્યાં સુધી કે તે મોમીન, અને પરહેઝગાર ન હોય.

## (૬) બયતુલ મુકદ્દસઅને યહુદીઓ

બીજું દૃષ્ટાંત આ છે, મુસલમાનોનો કિબ્લએ અવ્વલ બયતુલ મુકદ્દસ ઘણી જ પવિત્ર અને શ્રેષ્ઠ જગ્યા છે. જે નબીઓનું રહેઠાણ અને કિયામગાહ રહ્યું છે. દરેક સમયે ચોવીસ કલાક અલ્લાહની રહમત ત્યાં ઉતરતી હોય છે, પરંતુ મુસલમાનોની બદકિસ્મતી સમજો કે આ પવિત્ર, અતિપવિત્ર જગ્યા આજે યહુદીઓના કબજામાં છે, અને વખતો વખત યહુદીઓ આ પવિત્ર જગ્યાની બેહુરમતિ કરે છે. તેને અપવિત્ર કરે છે. માની લેવામાં આવે કે જો કોઈ યહુદી નેતાને આ પવિત્ર જગ્યામાં દાટી દેવામાં આવે, તો શું તમે આ મુડદા યહુદીને બયતુલ મુકદ્દસમાં દફન થયેલો હોવાથી પવિત્ર, પ્રતિષ્ઠાવાન અને બુઝુર્ગ, નેક અથવા સારા અમલો કરનારો, ખુદાની બક્ષિસને પાત્ર સમજી લેશો ?

હરગિઝ તમો આ યહુદીને પવિત્ર કે નેક નહીં માનો, હરહાલતમાં એ અલ્લાહના અઝાબનો હકદાર છે. કારણ કે આપ જાણો છો કે હુકુમતની શક્તિના જોરે, જોરઝુલમથી, બળજબરીથી કોઈ જગ્યાએ દફન થઈ જવાથી કોઈ શ્રેષ્ઠતા પ્રાપ્ત થઈ શકતી નથી.

આથી સાબિત થયું કે કોઈપણ વ્યક્તિ માટે ઈઝ્ઝતવાળી પવિત્ર જગ્યાએ દફન થવું. ત્યાં સુધી રહમતના લાયક નથી બની શકતું. જ્યાં સુધી મૈયતના નામએ આમાલ અલ્લાહની રહમત પ્રાપ્ત કરવાને યોગ્ય ન હોય. જેથી હઝરાત શૈખેન (હ. અબુબકર અને હ. ઉમર) ના માટે રસુલના રોઝામાં દફન થવું આ જ પરિસ્થિતિમાં પ્રતિષ્ઠાનું કારણ બની શકે છે. જ્યારે કે એ બંનેના કૃત્યો - અમલો

ઈમાન અને તકવાના સિદ્ધાંત ઉપર સહી સાબિત થઈ શકતા હોય.

બિન શીઆ ભાઈઓની દૃષ્ટિએ હઝરત અબુબકર અને હઝરત ઉમરની (અલ્લાહઆલા એમના સાક્ષાત હાજર દરજ્જા અને મરતબામાં ખૂબ બુલન્દી અતા કરે) રહેણી કહેણી-જીવનશૈલી-આમાલ ચોખ્ખા બેદાગ છે. તેઓ કામિલ મોમિન અને આશિકાને રસુલ હતા. બિન શીયા મુસલમાન ભાઈઓની આ ખુશ એતેકાદી, એમની આવી આસ્થા, શ્રદ્ધા, વિશ્વાસ ઉપર અમને કોઈ આપત્તિ નથી. અમને શું વાંધો હોઈ શકે ? જો તેઓ બન્ને વાસ્તવમાં સીધા રસ્તા પર ચાલનારા મોમીન હતા, પાકદામન સહાબી હતા. તો ચોક્કસ તેઓ પોતાના નેક અમલોને સારો બદલો ખુદાવંદથી પામતા હશે.

સાથે અલ્લાહની રહમતથી પણ ફાયદો ઉઠાવતા હશે.

પરંતુ નબીની વફાત પછી આ બંને બુઝુર્ગોથી સ્પષ્ટ ગુનાહો થયા છે, અને જો તેમના વિરોધીઓના આક્ષેપો સાચા છે. તો આવી પરિસ્થિતિમાં આ બંને બુઝુર્ગોનું નબીની બગલમાં દફન થવું. કોઈ ફાયદામંદ નથી બની શકતું. અને શક્ય છે કે જે કયામત-મુસીબત-આફત ઈસ્લામ અગાઉ દફન થયેલા કાફિરો અને યહુદીઓની થતી હશે, તેવી જ કયામત મુસીબત આફત આ બુઝુર્ગોની પણ થતી હશે, અલ્લાહ ખુબ જાણનાર અને જ્ઞાની છે. જેથી અમે આ મામલો અલ્લાહને સોંપીએ છીએ, તે ઝાલીમો પાસેથી બદલો લેવાવાળો છે. અમારે તો આ જગ્યાએ વાંચકોની સામે ફક્ત એક જ વસ્તુ લાવવી છે તકવો –

પરહેઝગારીના ત્રાજવાને છોડીને (જે સાચું માપદંડ છે) ફક્ત જમીનની પવિત્રતા અને કોઈ મુકદ્દસ રૂહના રોઝા મુબારકમાં દફન થવાનો લહાવો જરા પણ ફાયદાકારક બની શકતો નથી. જે રાજકીય જોરે અમલમાં આવી જાય છે.

# (૭) જેવું બીજ તેવું ફળ

સર્વ માન્ય પ્રચલિત મુહાવરો છે, "જેવું વાવશો તેવું લણશો" એટલે કે જમીનમાં જે બીજ વાવવામાં આવશે, તેવું જ ફળ પણ ઉગશે. જો એક જમીનના દાયરામાં આંબો અને જમરૂખ સાથે સાથે ઉગાવવામાં આવે, તો જમીન એક હોવા છતાં, ઉગાવનારી વ્યક્તિ પણ એક જ હોવા છતાં, પાણી પણ એક સરખું હોવા છતાં, હવા, તડકો, વગેરે સર્વે એક જ પ્રકારનું હોવા છતાં, આમ થવું અશક્ય છે કે કેરીનું બીજ જમરૂખ પેદા કરી નાંખે અને જમરૂખનું બીજ કેરી પેદા કરી નાખે, આંબો ઉગી જાય ! સ્પષ્ટ છે કે જેવું બીજ તેવું ફળ. પછી જોઈએ તો બીજાને એકબીજાની નજીક નજીક વાવો કે દૂર દૂર વાવો. બીજ જેવું જ ઝાડ ઉગશે. એક જ જમીનમાંથી

ગુલાબ અને એજ જમીનમાંથી ગલબાવળ પણ ઉગશે.

**જમીન એક જ**

**વાસણ અલગ અલગ**

**બાકી બધું જ જાણે અલ્લાહ**

**જમીન એક ઝરફ જુદા**

**બાકી સબ કુછ જાને ખુદા.**

# (૮) દૃષ્ટાંત

એક નાનું સરખું દૃષ્ટાંત આપીને અમે વાતને આગળ વર્ણવીએ છીએ. કે હું એક ઓરડામાં મુસલ્લો બિછાવીને નમાઝ પડી રહ્યો છું. એ જ ઓરડામાં મારા મુસલ્લાથી થોડાક જ ડગલાં છેટે એક ચાર પાંચ વરસનો બાળક પેશાબ કરી દે છે. હવે એક જ ઓરડાના બે ભાગો પડી જાય છે. એક ભાગ તે ત્યાં મુસલ્લો બિછાવેલો છે અને નમાઝ અદા થઈ રહી છે અને એક તે જગ્યા જ્યાં બાળકે પેશાબ કરેલો છે. નમાઝની જગ્યા પાક છે. અને પેશાબવાળી જગ્યા નાપાક છે. ન આ નાપાકી પાક જગ્યા માટે અવરોધરૂપ બને છે અને ન પાક જગ્યા નાપાકીને દૂર કરી શકે છે. આ ચર્ચા દ્વારા આ વાત સાબિત થાય છે કે, કેટલીક વખત આવા સંજોગોમાં પણ ઉભા થાય છે. એક જ જગ્યાનો કેટલોક ભાગ

પાક પવિત્ર તે પણ એવો મુકદ્દસ કે સજદહ કરી શકાય, અને તેજ જગ્યાનો અમુક ભાગ તદ્દન નાપાક અપવિત્ર અને નફરત કરવા લાયક. બસ મહત્વ અને શ્રેષ્ઠતા જગ્યા કે જમીનની નથી પરંતુ સારા કૃત્યો નેક અમલોની છે.

આ વાતમાં બે મત નથી કે શ્રેષ્ઠતા માટે જગ્યા પણ સંબંધરૂપ બની શકે છે. પરંતુ નેક અમલોની સાથે, બુરા અમલો સાથે જગ્યાની કોઈ વિશેષતા કે પ્રધાનતા નથી. દૃષ્ટાંત રૂપે કાબતુલ્લાહની શ્રેષ્ઠતા કે એમાં પઢવામાં આવેલી નમાઝ બીજી જગ્યાઓ ઉપર અદા કરેલી નમાઝ કરતાં અફઝલ શ્રેષ્ઠ છે. વધુ નેકીઓવાળી છે. પરંતુ આ શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે નમાઝનો અમલ શરૂરી છે અને આ પણ સ્પષ્ટ છે કે “અમલોનો આધાર નિયતો ઉપર છે.” રિયાકારી, દેખાવપણું શોહરતના કાર્યો આમાલ નહીં ગણાય. શીર્ક ગણાશે, પછી ભરે તેને કાબામાં કેમ ન પઢવવામાં આવે.

## (૯) જરા વિચારો, મનન કરો

દફન શૈખેનની વાતચીત દરમ્યાન કેટલાક લોકો પોતાની અકીદતના પ્રવાહમાં ખુબ જ ખેંચાય જાય છે. કેટલાક તો ભટકી પણ જાય છે અને કહે છે કે હુઝુર (સ.અ.વ.) ને આ બંને બુઝુર્ગોની સાથે એટલી બધી હતી કે બંન્નેને પોતાની પાસે સુવડાવી દીધા. પ્રથમ તો આ વાતમાં વજન જ નથી. આ વાતમાં વાસ્તવિકતા ત્યારે જ શકય ગણાય કે નબી (સ.અ.વ.) એ કોઈ વસીયત ફરમાવી હોય કે, આ બન્ને હઝરાતને મારી આસપાસ દફન કરવામાં આવે. પરંતુ કોઈ કમજોરથી પણ કમજોર રિવાયત પણ આ બાબત વર્ણન નથી. જેનો આશરો લઈને આવી મહબ્બતનો દાવો કરી શકાય.

ઉલટાનું સ્વયં હઝરત અબુબકર અને ઉમ્મુલ મોઅમેનીન હઝરત આયશાના પોતાનાં

વર્ણનો છે. જે સુન્ની કિતાબોમાં ઘણી સાવચેતી સાથે સંગ્રહાયેલાં છે.

"હુઝુર (સ.અ.વ) પુરૂષોમાં સૌથી વધુ હઝરત અલી (અલ.)ને ચાહતા હતા, અને સ્ત્રીઓમાં સૌથી વધારે ફાતેમાને (સલા.) ને"

હવે નવાઈ પમાડે એવી વાત આ થઈ કે રસુલ (સ.અ.વ.) પોતાના જીવન દરમ્યાન તો અલી-ફાતેમા (અલ. )ને મુહબ્બત કરે, અને પોતાની વફાત પછી કોઈ બીજાઓને ચાહે ?... બીજી વાત કે જો પોતાની પાસે સુવડાવવું જ મોહબ્બતની નિશાની માનવામાં આવતી હોય તો જે નેક હસ્તીઓ જેઓ રોઝએ રસુલથી દૂર દફન થઈ છે, તેની સાથે રસુલને મોહબ્બત ન હતી ? ચાલો, સારું અલી અને ફાતેમા (અલ.)ને તો એક તરફ રાખો, હઝરત આયેશા જેમની સાથે રસુલની

મોહબ્બતની રિવાયતોથી સિહાહ સિત્તા ભરપુર છે. તેમને પણ આ દરજ્જો પ્રાપ્ત ન થયો કે પોતાના પહેલુમાં દફન કરવાનો હુકમ આપત ? સામાન્ય નિયમ અનુસાર પતિ-પત્નીની કબરો પાસે રાખવામાં આવે છે.

સારું ચાલો બીબી સાહેબાને પણ છોડો, હઝરત ઉસ્માન બિન અફફાન જેમના માટે પ્રખ્યાત જુઠો હોબાળો મચાવાય છે કે એમને બેવડું જમાઈપણું પ્રાપ્ત હતું, અને રસુલુલ્લાહ (સ.અ.વ.) ને ઘણા જ વહાલા હતા. તેમનો પ્યાર પણ રસુલ ભુલી ગયા ? જો આ વાતને માની લેવામાં આવે કે જે પાસે દફન છે, તે ઘણા મહેબુબ છે, તો ઘણી મુશ્કેલ પરિસ્થિતિ પેદા થઈ શકે છે. જેથી માનવું પડશે કે ફક્ત કબરની નઝદીકી કે દૂરીનું કોઈ મહત્વ નથી.

જ્યારે આપણે ઈસ્લામના ઈતિહાસનો અભ્યાસ કરીએ છીએ તો હઝરત ઉસ્માનની કતલનો એક મુશ્કેલ પ્રશ્ન આપણી સમક્ષ ઉભો થયો છે. ઉસ્માન ખલીફા સાથે મુસલમાનોનું બયઅત તોડી નાંખવું, બળવો કરવો, સખત દીલી સાથે ઉસ્માનને કતલ કરવું. આ બધાનું એક તાદ્દશ ચિત્ર આપણી સમક્ષ ખડું થાય છે. એક સ્વીકૃત ઈમામને સવા મહિનો ઘેરામાં રાખીને, બયઅત તોડી, બળવો કરીને, મોતને ઘાટ ઉતારી દીધા. એમની લાશને મુસલમાનોના કબ્રસ્તાનમાં દફન પણ ન થવા દીધી. જેથી ઉસ્માનની લાશ કફનદફન વગર ત્રણ દિવસથી વધુ પડી રહી છે. છતાં મુસલમાનોને શરમ ન આવી. છેવટે ઘણાં દિવસ પછી ખલીફાની લાશને યહુદીઓના કબ્રસ્તાનમાં દફન કરવામાં આવે છે. મઆવીયાના સમયમાં યહુદીઓના આ

કબ્રસ્તાનને જન્નતુલ બકીઅમાં ભેળવી દેવામાં આવ્યું. મતલબ કે ઉસ્માન જ્યાં દફન થયા, તેમાં હજારો યહુદીઓ દફન થયેલા છે. આ એક ઐતિહાસિક સત્ય છે.

હઝરત ફાતેમા રસુલની એકલૌતી સંતાન છે. પેગંબર (સલ.)ના નાના બે પુત્રોનો ઈન્તિકાલ બાળપણમાં દુધ પીવાની ઉંમરમાં જ થઈ ગયો હતો. હઝરત ઉસ્માનના નિકાહમાં જે બે બહેનો વારા ફરતી આવી તે રસુલની દીકરીઓ નથી. પરંતુ હઝરત ખદીજા રઝિયલ્લાહો તઆલા અન્હાની બહેનની દીકરીઓ હતી. જે બહેનનું નામ હાલા હતું. બહેન બનેવીના મૃત્યુબાદ તેઓ હઝરત ખદીજા પાસે રહેતી હતી. ઉસ્માનના નિકાહમાં આવતાં અગાઉ તેઓ કાફિરોના નિકાહમાં પણ હતી. ભલું થાય બહુમતિ ઇતિહાસકારોનું હવે પ્રશ્ન ઉપસ્થિત

થાય છે કે જો દફનની જગ્યાને આખેરતની નજાત અને છુટકારા સાથે જોડી દેવામાં આવે, તો હઝરત ઉસ્માનના હિસાબ કિતાબ વિશે શું કહેવામાં આવશે? કારણ કે આપ તો નબીના રોઝા મુબારકથી જ દૂર નથી, પરંતુ કબ્રસ્તાન પણ કાફિર કોમનું છે. !!!

આવો જ પ્રશ્ન ઈમામ હુસૈન (અલ.) ના વિષયમાં પણ કરી શકાય છે કે યઝીદ મલઉનના સિપાહીઓ જેઓ કતલ થયા હતા, તેઓને પણ કરબલામાં જ દાટવામાં આવેલા છે. શહીદો અને આ ઝાલીમો બન્ને એક જ જમીનના એરિયામાં દફન છે. પરંતુ અલ્લાહની રહમતનો નુઝુલ શહીદો પર થાય છે. ન કે ઝાલીમ મલઉનો ઉપર.

સારાંશ આ કે, નબી (સ.અ.વ.) એ ન કોઈ વસીયત કરી હતી કે ન દફને શૈખેન હુઝુર

(સ.અ.વ.) ની ઈચ્છા હતી. કારણ કે બધા જ ઈતિહાસકારોની નોંધ છે કે, હઝરત અબુબકરે રોઝામાં પોતાને દફન કરવાની ઈચ્છા પોતાની સાહબઝાદી આયેશા પાસે વ્યક્ત કરી હતી. સાંભળો, તારીખે ખોલફા, અલ્લામા જલાલુદ્દીન સિયુતી.

## (૧૦) બનાવટી, મનઘડત અને જુઠ્ઠી રિવાયત

કુઆર્નનો હુકમ છે કે હરમે રસુલમાં રજા વગર દાખલ ન થવું જોઈએ. જેથી જરૂરી છે કે દરેક મોમીન જીયારતે મઝારે રસુલ અગાઉ રજા માગે. આ એતેરાઝને ધ્યાનમાં રાખીને એક હદીસ ઘડવામાં આવી. આ જુઠ્ઠી હદીસ સાંભળીએ.

જ્યારે હઝરત અબુબકરનો જનાઝો રસુલના રોઝા મુબારકની સામે લાવવામાં આવ્યો, તો દરવાજો આપમેળે જ ખુલી ગયો. અને અંદરથી અવાજ આવી "હબીબ હબીબકા મુસ્તાક હૈ" આ મનઘડત હદીસ દ્વારા એવી દલીલ કરવામાં આવી રહી છે કે, રોઝએ અકદશના દરવાજાનું આપોઆપ ખૂલી જવું અને રસુલની અવાજનું જાહેર થવું, રસુલનો હુકમ અને અલ્લાહની પણ રઝામંદીની નિશાની છે.

હવે આપણે વિચારીએ, જો વાસ્તવમાં દરવાજો ખૂલી ગયો હોય, અને અવાજ પણ આવી ગયો, તો વગર શકે રસુલની ઈજાઝત માની લેવામાં આવશે. પરંતુ અફસોસની વાત તો આ છે કે સ્વયં સુન્ની આલિમોએ જ આ રિવાયતને સ્વીકારી નથી. બલ્કે એના ઉપર ઘણી સખત ટીકાઓ પણ કરી છે. જેથી એહલે સુન્નતના મહાન આલિમ અલ્લામા જલાલુદ્દીન સિયુતીએ લખ્યું છે કે "આ રિવાયત (ખતીબ ઈબ્ને અસાકીરની) ઘણી જ ગરીબ અને મુન્કિર છે. એમાં લેશમાત્ર સત્યતા નથી. એની દલીલોમાં, એની સનદોમાં અબુતાહિર મુસા મુહમ્મદ અતા જુઠો છે અને અબ્દુલ જલીલ અજ્ઞાત છે.

(ખસાઈસે કુબરા – ભાગ – ૨, પેજ નંબર ૨૮૧ થી ૨૮૨)

જેથી જુઠ્ઠા અને અજ્ઞાત રાવીઓની આવી મનઘડત રિવાયતો સ્વીકારવા પાત્ર નથી. આ દલીલ કમજોર અને નકામી છે.

એવી જ રીતે બધા ઈતિહાસકારોનું વર્ણન છે કે, હઝરત ઉમરે પોતાના મૃત્યુના સમયે હઝરત બીબી અયશા પાસે રજા માંગી હતી. કે એમને અબુબકરની બાજુમાં દફન કરવામાં આવે. પરંતુ આયેશાએ કહ્યું, આ જગ્યા એમણે પોતાના માટે (આયેશા માટે) રાખી છે. પરંતુ ઉમર માંગે છે તો એમને આપું છું. જેથી આયેશાની રજામંદીથી ઉમર બિન ખત્તાબ દફન થયા.

જો રસુલે ખુદાની કોઈ વસીયત અબુબકર, ઉમર બંને માટે હોત, અથવા રસુલનો હુકમ હોત તો પછી ઉમરે બીબી આયેશાથી મંજુરી લેવાની શી જરૂર હતી ? ન તો બીબી આયેશા પોતાના માટે આ

જગ્યાએ દફનની ઈચ્છા વ્યક્ત કરત. ઉમ્મુલ મોઅમેનીન આ ઈચ્છા વ્યક્ત કરવું આ વાતની સાબિતી છે કે રસુલે કોઈ હુકમ કે વસીયત કર્યાં નથી. નહીં તો બીબી આયેશાને તો ખબર હોત જ કે આ જગ્યા તો પહેલાંથી જ ભરેલી છે.

હવે આ જગ્યાએ એક બીજો પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે. છેવટે આ બંને બુઝુર્ગો અબુબકર અને ઉમર પોતાના દફનના માટે આ જગ્યાએ બીબી આયેશાની મંજુરી શા માટે લીધી ? બીજી ઉમ્મહાતુલ મોઅમેનીન અને એહલેબયતે રસુલ પણ હાજર હતાં. આ પ્રશ્નનો જવાબ આ આપવામાં આવે છે કે, આ હૂઝરો (ઓરડો) રસુલેખુદાએ બીબી આયેશાને આપ્યો હતો. તેથી આયેશા એની વારીસ હતી. તેથી એમની મંજૂરી જરૂરી હતી.

પરંતુ અમે આ જગ્યાએ એક પ્રશ્ન કરીશું. શું મરતી વખતે આ બંને પરમ મિત્ર, એકબીજાના પરમ હિતેચ્છુ, અબુબકર અને ઉમર પોતાનું આ કથન ભુલી ગયા ?

“અમે નબીઓના સમુહનો કોઈ વારિસ નથી હોતો”

અને ખાસ કરીને અબુબકરે માસુમા ફાતેમા સૈયેદા, તાહેરા સલ્લમહાઅલયહાને આ જ હદીસ ‘લાનુરષ’ બયાન કરીને નારાજ કર્યાં હતાં. બાગે ફદક તેમનો વારસો છીનવી લીધો હતો, માસુમા રડ્યાં હતાં, રસુલની કબર મુબારક પર જઈને ફરિયાદ કરી હતી. અબુબકરે આ પોતે બનાવેલી જુઠી હદીસ દ્વારા માસુમા ઉપર ઝુલમ કર્યો હતો. પરંતુ ઉક્તિ છે કે,

દરોગ ગોરા, હાફિઝહ ન બાસદ

જુઠુ બોલનારને યાદ રહેતું નથી. રસુલુલ્લાહ (સ.અ.વ.)ની લાડલી બેટી, જન્નતની ઓરતોના સરદારને (અઝ બુખારી) વારીસ ન માની. પરંતુ સ્વયં પોતાની બેટી આયેશાને રસુલની વારીસ ગણીને પોતાના કથનને પોતે જ રદ કર્યું.

જો હદીસ “લાનુરસ” નબીઓનો કોઈ વારીસ નથી હોતો, સાચી છે તો બીબી આયેશાનું દફનના માટે રજા આપવાનું ગલત છે. કારણ કે એ બીબી આયેશાની મિલક્ત જ નથી. આ હદીસ ખોટી છે. બલકે કુઆર્નના હુકમ મુજબ નબીઓના વારિસ હોય છે. તો ફેસલો વાચકો જાતે જ કરી લે.

બસ પોતાને ફાવતી શરીઅત બનાવી લો, જરૂર પડે તો કુઆર્નના વિરોધમાં જઈને હદીસ ઘડી નાંખો, પછી રસુલની બેટીનો હક છીનવી લો. હવે પોતાની બેટીનો વારો આવ્યો, ત્યારે પોતાની બેટી

રસુલની વારસ બની ગઈ. હુઝરો આયશાનો થઈ ગયો. મનઘડત હદીસ તદ્દન ભૂલાઈ ગઈ.

પ્રખ્યાત છે કે એક એક કબરમાંથી સિત્તેર સિત્તેર મુડદાંઓને ઉઠાવવામાં આવશે. તો હવે વિચારી લો કે, જ્યારે દરેક કબરમાંથી આટલા મુડદાં ઉઠશે તો કેટલાક નેક હશે, કેટલાંક ગુનેહગાર, પરંતુ એક જ કબરમાં દરેક મુડદાંને તેના કૃત્યોના પ્રમાણે તેની સાથે વ્યવહાર કરવામાં આવશે. નેકની સાથે ભલાઈનો, રાહત, સુખચેનનો અને પાપી સાથે અઝાબનો. એ તો શક્ય જ નથી કે એક કબરમાંથી બધા જ મુડદાં જન્નતી જ ઉઠશે. સજા અને જઝાનો બદલો સારા, બુરાં કૃત્યો પર છે. ન કે દફનની જગ્યા ઉપર.

# (૧૧) ગુરૂ શિષ્યનો કિસ્સો

હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ (અલ.)નો રોઝો મુબારક નજફે અશરફમાં છે. આપ હઝરત આદમ (અલ.) અને હઝરત નુહ (અલ.)ની સાથે આરામ ફરમાવી રહ્યા છે. જનાબ ફાતેમા સૈયદા, માસુમા સલ્લમહા અલયહાની આરામગાહ મદીના મુનવ્વરામાં જન્નતુલ બકીઅમાં છે, અને ઈમામ હસન (અલ.) ઈમામ ઝયનુલ આબેદીન (અલ.) ઈમામ મોહંમદ બાકીર (અલ.) અને ઈમામ જઅફર સાદિક (અલ.) ની મઝારાત પણ મદીના શરીફમાં જ છે. ઈમામ હુસૈન (અલ.) નો રોઝો કરબલાએ મોઅલ્લામાં છે અને ઈમામ મુસા કાઝિમ (અલ.) અને ઈમામ મોહંમદ તકી (અલ.) કાઝમૈન શરીફમાં આરામ ફરમાવી રહ્યા છે. ઈમામ અલી રઝા (અલ.) નો

રોઝો મુબારક મશહદ શહેર તુસના નજીક મશહદે મુકદ્દશમાં છે. જ્યારે ઈમામ અલી નકી (અલ.) અને ઈમામ હસન અસકરી (અલ.) ના રોઝા મુબારક સામરામાં છે.

જ્યારે આપણે અઈમ્માએ એહલેબયતની આરામગાહોના અંતરને જોઈએ છીએ, તો આશ્ચર્યમાં ગરકાવ થઈ જવાય છે કે અવલાદે રસુલ કેવી દેશ વિદેશમાં પથરાયેલી છે. બાગે બતુલના ફૂલો કેવાં ફેલાંયેલાં છે. જ્યારે કે યારાને રસુલ (અબુબકર, ઉમર) પોતાના પ્યારા વતનમાં જ, પડેલા છે. પહેલાં તો આ વાત સમજમાં આવી ન હતી. પરંતુ એક દિવસ એક બુઝર્ગથી એક કિસ્સો સાંભળ્યો. કિસ્સો આ પ્રમાણે છે.

એક ગુરૂ પોતાના કેટલાક ચેલાઓ સાથે કંઈ મુસાફરીમાં જઈ રહ્યા હતા. આખો દિવસ

ચાલ્યા. સુરજ ડુબવા આવ્યો. સુર્યાસ્ત થઈ ગયો, અંધારૂ છવાય ગયું. નજીકમાં જ એક વસ્તી-આબાદી દેખાઈ, જેથી ગુરૂએ ચેલાઓને કહ્યું, જલ્દી જલ્દી ચાલીને આ વસ્તી સુધી પહોંચી જાઓ અને આબાદીવાળા પાસે રાત ગુજારવા માટે રજા માંગો. જેથી ચેલાઓ ગુરૂજીના હુકમ પ્રમાણે આગળ આગળ ચાલીને વસ્તીમાં આવી પહોંચ્યા અને વસ્તીના લોકો પાસે રાત્રી રોકાણ માટે રજા માંગી. અહીંના રહેવાસીઓ ઘણાં જ બેશરમ, ઉધ્ધત અને ખરાબ સ્વભાવના હતા. એમણે આ પરદેશીઓની આગતા સ્વાગતા કરવાની તો બાજુ પર રહી, એમને પકડી લીધા, કેદી બનાવી દીધા અને માર માર્યો.

આ સમય દરમ્યાન ગુરૂજી પણ આવી પહોંચ્યા, જેઓ થોડાક પાછળ ચાલતા હતા.

ગુરૂજીએ આવીને ચેલાઓને છોડાવવાની કાર્યવાહી શરૂ કરી. પરંતુ આ શેતાન લોકોએ ગુરૂજીનો પણ સામાન છીનવી લીધો અને ચેલાઓની સાથે ગુરૂજીને પણ કેદ કરી લીધા. ગુરૂ અને ચેલાઓએ આખી રાત કેદી બનીને ગુજારી. બીજા દિવસે સવારે ઘણા કાલાવાલા, આજીજીઓ કરીને છુટકારો મેળવ્યો. પછી બધા આગળ સફર માટે રવાના થયા.

ચેલાઓએ અલ્લાહનો શુક્ર અદા કર્યો, અને વસ્તીના લોકોને ખૂબજ બુરૂં ભલું કહ્યું. બદદુઆ દેવા લાગ્યા. પરંતુ ગુરૂજીએ ચેલાઓને રોક્યા અને દુઆઓ આપવાનું શરૂ કર્યું. ગુરૂજીએ દુઆ કરી, “ખુદા આ વસ્તીને ફલતીફુલતી, ખુશહાલ અને આબાદ રાખે, ને એના રહેવાળા આ જગ્યાએ

ખુશહાલીથી રહે, અને આબાદી કદી પણ વેરવિખર ન થાય.”

ચેલાઓ ગુરૂજીની આ દુઆઓ સાંભળી મનમાંને મનમાં આશ્ચર્ય પામ્યા અને વિચારમાં પડી ગયા કે આ મરદુદ વસ્તીના માટે ગુરૂજી આવી સારી દુઆઓ શા માટે આપી રહ્યા છે ? પરંતુ વિવેક વિનયના કારણે કંઈ બોલ્યા નહિ. એમણે વિચાર્યું કે આ વસ્તીને આવી દુઆઓ આપવામાં જરૂર કોઈ ભેદ છે. જે આપણે સમજી શકતા નથી. જેથી ચેલાઓ ખામોશ રહ્યા. થોડાક કીલો મીટર ચાલ્યા, ત્યારે બીજું એક ગામ આવ્યું. આ લોકો સફર અને મુસીબતના કારણે ઘણા જ થાકી ગયા હતા. જેથી વિચાર્યું કે આ જગ્યાએ ગામના એક ખુણામાં થોડોક આરામ કરી સફરને આગળ ચલાવીશું. પરંતુ આ વસ્તી નેકબખ્ત લોકોની હતી.

આ ગામના લોકો ઘણાં જ મહેમાન નવાઝ, નેક અને સદ્વર્તન કરનારા હતા. ગુરૂજી અને ચેલાઓ આ ગામની હદમાં દાખલ થયા કે તરત જ ગામવાળાઓએ આ દુ:ખી અને થાકેલા દેખાતા મહેમાનોની ખૂબ જ આગતા સ્વાગતા કરી. ખબર અંતર પુછયા, પાછલી વસ્તીના લોકોએ આપેલી તકલીફ જાણી ઘણાં જ દુ:ખી થયા. આશ્વાસન આપ્યું, ખાવા પીવાનો અને આરામ વગેરેનો ઈન્તેઝામ કર્યો. જે કાંઈ માલ સામાન સાધન સામગ્રી જે આગળના ગામવાળાઓએ છીનવી લીધી હતી, તે એમને નવી લાવી આપી.

ગુરૂજી અને ચેલાઓ આ ખુદાના એક બંદાઓના સદ્વર્તનથી ઘણાં જ ખુશ થયા. એમનો આભાર માનીને નવી મંઝિલ તરફ આગળ વધવાનો ઈરાદો કર્યો. આ ગામવાળાઓએ ખાવા

પીવાનો સામાન પણ સાથે બાંધી આપ્યો. જેથી આગળની સફરમાં કામ લાગે. ચેલાઓ આ વસ્તીને ખૂબ ખૂબ દુઆઓ દેતા રહ્યા કે અલ્લાહ આ વસ્તીવાળાઓ ઉપર રહેમ અને મહેરબાની કરે એમને આબાદ રાખે, ખુશહાલ રાખે, દરેક આફત અને મુસીબતથી બચાવે, પરંતુ ચેલાઓ ઘણા જ નવાઈ પામ્યા જ્યારે એમણે પોતાના ગુરૂજીને આ પ્રમાણે દુઆ કરતાં સાંભળ્યા.

“અય અલ્લાહ ! આ નેક લોકોને તેમની ભલાઈનો બદલો આપ. આ વસ્તીને વેરવિખેર કરી દે. આ નેક લોકોને જેઓ અહીં વસે છે તેમને, આસપાસની બીજી વસ્તીઓમાં ફેલાવી દે.”

ચૈલાઓનું આર્ipર્ય ઘણું જ વધી ગયું કે ગુરૂજીની આ દુઆઓનો હેતુ શું હશે ? જે લોકોએ આપણી સાથે શેતાની વર્તાવ કર્યો, તે વસ્તીની

ભલાઈ અબાદી વગેરેની દુઆ કરી, જ્યારે આ નેકબખ્ત ગામવાળાઓએ આપણી સાથે ઘણો જ માનવતાપુર્વક વહેવાર કર્યો, આપણને બધી રીતે સગવડ આપી, ખાવાપીવા આપ્યું. તેમનો ગુરૂજી વેર વિખેર થઈ જવાની દુઆ આપે છે !!!

આ વાત ચેલાઓની સમજની બહાર હતી. જેથી થોડીવાર ધીરજ રાખ્યા પછી એમનાથી ન રહેવાયું ગુરૂને પુછયું "ગુરૂજી, શું વાત છે ? બદકાર, બદમાશ, શયતાન લોકોની વસ્તી માટે આપે દુઆ ફરમાવી ?!! અને ભલા સદ્વર્તન કરનારા લોકોની વસ્તીના માટે વેરખેર થઈ જવાની દુઆ ફરમાવી?!! અમને આ ભેદ સમજાતો નથી. જેથી આપ આ ભેદપૂર્ણ બાબત સ્પષ્ટ કરવા મહેરબાની કરશો.

ગુરૂજીએ સમજાવ્યું, પહેલી વસ્તી જ્યાંના લોકો બદમાશ, અને દુર્જન હતા, જેમના માટે એજ જગ્યા ઉપર ફૂલતા ફાલતા આબાદ રહેવાની દુઆ મેં આ કારણથી કરી કે આ લોકો દુર્જન હતા. દુર્જને એક જ જગ્યાએ રહેવું જોઈએ. જો દુર્જન બીજે જાય તો દુર્જનતા બીજા સ્થળોએ પણ ફેલાય. જ્યાં જ્યાં દુર્જનો જાય ત્યાં ત્યાં બીજા સારા સજ્જનો પણ તેમની લપટમાં આવી જાય. તેથી આ બધા જ દુર્જનો એક જ જગ્યાએ રહે, તો બુરાઈ પણ ફેલાતી અટકી જાય. એક જ સ્થળે અટકેલી રહે. જેથી મેં તેમના માટે એવી દુઆ કરી, બીજી વસ્તી અલ્લાહના નેક બંદા અને ભલા લોકોની હતી. જેથી મેં તેમના માટે આવી દુઆ કરી કે આ લોકો અહીયાંથી દૂર દેશવિદેશમાં ફેલાય જાય. કારણ કે જ્યાં જ્યાં આ નેક, સજ્જન લોકો જાય ત્યાં ત્યાં નેકી

ભલાઈ ફેલાવે, સમાજ સુધારણા થાય. બીજાઓ એમની પાસેથી ભલી વાતો શીખે. એમના સહવાસથી દુર્જનો સજ્જનતા શીખે. જેથી મેં આ લોકો માટે દુઆ કરી કે આ સજ્જનોને અલ્લાહ જુદાં જુદાં સ્થળોએ વેરવિવખેર કરી દે. નેકી ફેલાતી રહે. અન્યોને ફાયદો પહોંચે.

ચેલાઓની સમજમાં આવી ગયું સત્યને એક જ જગ્યાએ જડ બનીને ચોંટી રહેવું ન જોઈએ. પરંતુ ચારે દિશામાં ફેલાવું જોઈએ. નાચીજને આ દૃષ્ટાંત દ્વારા સમજાયું કે અલ્લાહે માસુમીનને, એહલેયબતને જુદાં જુદાં સ્થળોએ ફેલાવી દીધા છે. એનું આ જ કારણ હોઈ શકે કે લોકો એમના સારાગુણો, સારા અમલોથી પ્રભાવિત થઈને હક્ક કબુલ કરતા રહે.

આ જ કારણથી રસુલેખુદા પોતાના સમયમાં દેશ વિદેશમાં તબ્લીગી એલચીઓ મોકલતા હતા. કેવળાયેલા દીનદાર લોકોને તબ્લીગી મિશનની કામગીરી માટે દેશવિદેશમાં રવાના કરતા હતા. ઈતિહાસ સાક્ષી છે કે લોકો આ નેક લોકોના અમલો જીવન પદ્ધતિ રહેણી કરણી જોઈને જ ઈસ્લામના વર્તુળમાં દાખલ થઈ જતા હતા.

## (૧૨) “હબીબ હબીબકા મુસ્તાક હે” એક ચર્ચા

અમે અમારી આ જ પુસ્તિકામાં પાછલા પ્રકરણમાં આ રિવાયત કે અબુબકરને નબીની પાસે, દફન કરવા જતાં રોઝા મુબારકનો દરવાજો આપો આપ ખૂલી ગયો. આ હદીસને ઉસુલે હદીસના પ્રમાણે જુઠી સાબિત કરી દીધી.

પરંતુ આ મનઘડત જુઠી હદીસ ઉપર થોડીક વધુ ચર્ચા અત્રે કરવી જરૂરી લાગે છે. ખાસ તો હબીબ શબ્દથી હઝરત અબુબકરને ઉદ્બોધન છે. કારણ કે વિરોધી જમાઅતનો આવો જ ખ્યાલ છે. અમે વાચકોનું ધ્યાન જંગે ખયબર તરફ લઈ જઈએ છીએ. જંગે ખયબરમાં હઝરાત શૈખેન એટલે હઝરત અબુબકર અને હઝરત ઉમરને પણ રસુલેખુદા (સ.અ.વ.) એ અમીરે લશ્કર બનાવીને મોકલ્યા હતા. પરંતુ બંનેથી ખયબરનો કિલ્લો ન

જીતાયો, જ્યારે સર્વે લોકોને અજમાવવામાં આવ્યા અને કંઈ અર્થ સર્યો નહિં ત્યારે ખત્મી મુરત્તબ (સ.અ.વ.) એ હઝરત અલી (અલ.)ને અલમે જંગ આપ્યો અને આ અલમ આપતા અગાઉ ફરમાવ્યું તેનો અનુવાદ અત્રે રજુ કરીએ છીએ.

### અરબી ઈબારતનો અનુવાદ

"ચોક્કસ હું આવતી કાલે આ અલમ એવા મર્દને આપીશ, જે ખુદા અને રસુલને મહબુબ રાખતો હશે અને ખુદા અને રસુલ તેને મહબુબ રાખતા હશે. અલ્લાહ તેના હાથ ઉપર કામ્યાબી આપશે. તે આગળ વધી વધીને હુમલો કરવાવાળો બહાદુર હશે, અને ભગોડો નહીં હોય."

આ કિસ્સાને બધા જ ઈતિહાસકારોએ અને બધા જ મોહદ્દીસોએ વર્ણવ્યો છે. આવી જ રીતે વર્ણવ્યો છે અને સાચાપણામાં કોઈને પણ શક

નથી. સિહાહ સિત્તા ગણવામાં આવતી બુખારી, મુસ્લિમ, અબુદાઉદ, તિરમિઝિ બધી જ કિતાબોમાં આ જ પ્રમાણે છે.

રસુલે ખુદા (સ.અ.વ.) ના આ જાહેર એલાનથી એક વાત તો સ્પષ્ટ થઈ જાય છે કે, નબી (સ.અ.વ.) ના જાહેર ઈરશાદ અગાઉ જે લોકોને અલમબરદાર (ધ્વજવાહક) બનાવવામાં આવેલા તેઓ સર્વેમાં ઉપરોક્ત ગુણો ન હતા. મર્દાનગી, બહાદુરી, મહબુબીયત, આગળ વધીને હુમલો કરવું, ભગોડા ન હોવું, મહબુબે ખુદા રસુલ હોવું, અને હબીબે ખુદા વ રસુલ હોવું, વગેરે ગુણો આ અગાઉના હારીને પાછા ફરેલા લશ્કરના સેનાપતિઓમાં ન હતા. નહીં તો રસુલુલ્લાહ કદી પણ આવું એલાન ન ફરમાવત.

ભાગીને પાછા ફરવાવાળા, હાર વહોરીને આવવાવાળાઓમાં શેખૈન (અબુબકર – ઉમર) તો ખાસ હતા. બંનેને વારાફરતી સેનાપતિ બનાવીને મોકલવામાં આવ્યા હતા. જેથી રસુલના જાહેર એલાનનો (જે તમામ લશ્કરની સમક્ષ કરવામાં આવ્યું) માનમરતબો, શૈખેનને મળતો નથી. પરંતુ હઝરત ઈમામ અલી (અલ.)ને ફાળે જાય છે.

જેથી તે હબીબ જેના મુસ્તાક હબીબે ખુદા હતા, જેનું લડાઈના મેદાનમા એલાન થયું. જેમને “મહેબુબ” પણ કહેવામાં આવ્યા. તે તો ઈમામે આલમ, સૈયદે આલમ, હૈદરે કર્રાર, ગયરે ફર્રાર, અબુલ અઈમ્મા હઝરત અલી (અલ.) હતા.

એહલે સુન્નતના મહાન વકીલ ગણાતા અલ્લામાં શિબ્લી નોઅમાની  આ કિસ્સો વર્ણવીને તેની નીચે મુજબ નોંધ કરે છે.

“નાઅમના પછી બીજા કિલ્લાઓ સહેલાઈથી ફતેહ થઈ ગયા. પરંતુ કિલ્લો “કોમુશ” મરહબનું મુખ્ય રહેઠાણ હતું. મરહબની ગાદી ગણાતી હતી. આ કિલ્લો “કોમુશ” જીતવા રસુલુલ્લાહ (સ.અ.વ.) એ હઝરત અબુબકર અને હઝરત ઉમરને વારા ફરતી સેનાપતિ બનાવીને મોકલ્યા. પરંતુ બન્ને નિષ્ફળ થઈને, નાસીપાસ થઈને, હારીને પાછા ફર્યા. તબરીમાં રીવાયત છે કે જ્યારે ખયબરવાળાઓ કિલ્લામાંથી મુકાબલો કરવા નીકળ્યા, ત્યારે હઝરત ઉમરના પગો ન ઠેરી શકયા, અચલતા અને અડગતા સાથે ઉમર ન લડી શકયા અને પાછા ફરીને હુઝુર (સ.અ.વ.)ને ફરિયાદ કરી કે ફૌજે નામરદી (પીછેહઠ) દેખાડી. પરંતુ સૈનિકોએ એમના માટે પણ આવી જ ફરિયાદ

કરી યા રસુલુલ્લાહ, ઉમર અમારાથી પણ પહેલા ભાગી જાય છે.”

(સીરતુન્નબી-ભાગ-૧ પેજ નંબર : ૨૮૬ શીબ્લી નોઅમાની)

જેથી કરીને આ બાયલાપણા અને નામરદાનગીની વાતોને સાંભળીને રસુલુલ્લાહ (સ.અ.વ.) એ મર્દ, હબીબે ખુદા વ રસુલ, હૈદરે કર્રાર, ગયરે ફર્રાર, અલી (અલ.) ને અલમ આપવાનું એલાન ફરમાવ્યું. જ્યારે અબુબકર માટે હબીબ હોવાનું જ સાબિત નથી. તો બનાવટી મનઘડત જુઠી રિવાયતથી શું ફાયદો થવાનો છે ?!!!

અમારા અવ્વલથી આખર વર્ણનનો સારાંશ આ છે કે, હઝરાત શેખૈનની ફઝીલત (શ્રેષ્ઠતા) માટે આ વાત પુરતી નથી કે એમને બન્નેને રસુલની બગલમાં દફન કરવામાં આવ્યા. એ માનના હકદાર

એ લોકો ત્યારે જ થઈ શકે છે જ્યારે કે એમના અમલો, એમની રહેણી કરણી એમના ગુણો, કુઆર્ન સુન્નત મુજબના હોય. બન્ને સમયના બાદશાહો હતા. બાદશાહો જ્યાં ઈચ્છે ત્યાં દાદાગીરીથી દફન થઈ શકે છે.

શીયા દૃષ્ટિબિંદુ બુદ્ધિ અને કુઆર્ન સુન્નત મુજબનું છે. એનો રદ ત્યાં સુધી નથી થઈ શકતો, જ્યાં સુધી આ બુઝુર્ગો ઉપર કરવામાં આવતા આક્ષેપોનો સાચો જવાબ ન આપી શકાય. નહીં તો આ બધી જ વાતો જે આ બુઝુર્ગોની શ્રેષ્ઠતા સાબિત કરવા માટે કહેવામાં આવે છે તે જુઠી જ છે.

**વસ્સલામ**

**અલ્લાહુમ્મ એહદિનશ્શેરાતલ મુસ્તકીમ**

**અલ્લાહુમ્મ સલ્લેઅલા મોહમ્મદીંવ વ આલે મોહંમદ.**